### કોરોના મહામારીના કહેર વચ્ચે...

# ડીસામાં જાહેરમાં ફરી મેડીકલ વેસ્ટ નંખાતા લોકોમાં ઉગ્ર રોષ

## પોલ્યુશન કંટ્રોલ બોર્ડ સહિત તંત્રની ઘોર લાપરવાહી

સમગ્ર ગુજરાત સહિત ભારતમાં કોરોના વાયરસની મહામારી યથાવત રહી છે ત્યારે ભારત અને ગુજરાત સરકાર દ્વારા કોરોના વાયરસ મહામારીને દૂર કરવા માટે અનેક પ્રકારના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે પરંતુ કેટલીક જગ્યા પર સરકારી બાબુઓનીબેદરકારી પણ બહાર આવતી હોય છે અત્યારે કોરોના વાયરસ મહામારીમાં બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી પોલ્યુશન કંટ્રોલ બોર્ડની બેદરકારીથી શહેરમાં ખુલ્લેઆમ મેડિકલ વેસ્ટ જાહેર માર્ગ પર ફેંકવામાં આવી રહ્યો છે જેથી શહેરીજનોનું આરોગ્ય જોખમાઈ રહ્યું છે એક પોલીસ કંટ્રોલ બોર્ડના નિયમોનું ઉલ્લંઘન કરી પૈસા ના ખર્ચવા પડે તે માટે જાહેર રોડ ઉપર મેડિકલ વેસ્ટ ફેંકવામાં આવી રહ્યો છે એક તરફ સરકાર દ્વારા કોરોના વાયરસ મહામારીમાં તબીબોને ભગવાનનું રુપ સમજી તમને કોરોના વોરિયર્સ યોધ્ધા તરીકે સન્માનપત્ર આપી સન્માન કરવામાં આવી રહ્યા છે ત્યારે શહેરમાં કેટલાક તબીબો દ્વારા લોકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડા કરી જાહેરમાં મેડિકલ વેસ્ટ ફેંકવામાં આવી રહ્યો છે. સરકાર દ્વારા પોલ્યુશન કંટ્રોલ બોર્ડને મેડિકલ વેસ્ટના યોગ્ય નિકાલની જવાબદારી આપવામાં આવી છે પરંતુ બનાસકાંઠા જિલ્લાના પોલ્યુશન



અઠવાડિયામાં ત્રણ જગ્યાએથી મેડિકલ વેસ્ટ મળી આવેલ છે ત્યારે સોમવારે ડીસાના ત્રણ હનુમાન રોડ ઉપર નગરપાલિકા કચરા સ્ટેશનની બાજુમાં કોઈ શખ્સો દ્વારા હાથમાં પહેરવાના ગ્લોઝ તથા ઈજકશન સહીત દવાઓનો જથ્થો જાહેર માર્ગ પર ફેંકવામાં આવેલ છે જેને લઈને આ રોડ ઉપર ચાલતા રાહદારીઓ અને વાહન ચાલકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો તેમજ લોકોના આરોગ્ય સાથે ચેડા કરી મેડિકલ વેસ્ટ ફેંકતા તબીબો સામે ફિટકારની લાગણી વરસાવી હતી સરકારી નિયમોના ધજાગરા ઉડાડતા કેટલાક તબીબો દ્વારા કંટ્રોલ બોર્ડ કુંભકર્ણ નિંદ્રામાં પોઢી રહ્યું છે જેથી જાહેરમાં મેડિકલ વેસ્ટ નાખતા શખ્સો સામે કોઈપણ જાતની કાર્યવાહી કરવામાં આવતી ન હોઈ દિનપ્રતિદિન મેડિકલ વેસ્ટ જાહેરમાં નજરે પડી રહ્યો છે આજે જે જગ્યા ઉપરથી મેડિકલ વેસ્ટ મળી આવેલ છે તે જગ્યાથી ૫૦ મીટરના અંતરમાં કોવિડ ૧૯ રાધે ક્રિષ્ના હોસ્પિટલ આવેલી છે ત્યારે હાથમાં પહેરવાના ગ્લોઝ સહીત દવાઓનો જથ્થો કોણે રોડ પર ફેંકયો ? તેના સીસીટીવી ફૂટેજ મેળવી તપાસ કરવામાં આવે તો જાહેર માર્ગ પર મેડિકલ વેસ્ટ ફેકનાર શખ્સો ઝડપાઈ શકે તેમ છે.

# બનાસકાંઠામાં કોરોનાના વધુ ૩૭ કેસ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં સોમવારે કોરોનાના ૩૭ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૦૫૭ પહોંચી ગઈ છે. કુલ મૃત્યુઆંક ૫૭ પહોંચ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ દિન પ્રતિદિન ગંભીર હદે વધી રહ્યું છે.જ્યાં સોમવારે કોરોનાના ૩૭ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૦૫૭ પહોંચી ગઈ છે. કુલ મૃત્યુઆંક ૫૭ પહોંચ્યો છે. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું હતું કે, પાલનપુર ૧૯, વડગામ ૦૧, ડીસા ૦૭, લાખણી ૦૨, દાંતા ૦૧, દિયોદર ૦૨, થરાદ ૦૨ અને ભાભર ૦૩ કેસ નોંધાયા હતા. એન્ટીજન ૧૨૨૨ સેમ્પલમાં ૩૩ પોઝિટિવ જ્યારે સરકારી ૦૪ સેમ્પલમાં ૦૪ પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો. કુલ ૧૨૨૬ સેમ્પલ લેવાયા હતા.

# બનાસડેરીની ચૂંટણીમાં વધુ બે બેઠકો બિનહરીફ

## કુલ ૧૬માંથી ૧૧ બેઠકો બિનહરીફ થઇ

બનાસડેરીની ચૂંટણીમાં આજે વધુ બે બેઠકો બિનહરીફ થતાં બિનહરીફ બેઠકો નો સરવાળો ૧૧ થવા પામ્યો છે. કુલ ૧૬માંથી ૧૧ બેઠકો બિનહરીફ થતા જિલ્લાના પશુપાલકોમાં આનંદ છવાયો છે.

આજે થરાદ બેઠક પર સાંસદ શ્રી પરબતભાઈ પટેલ અને ભાભર બેઠક પર સામતભાઈ હેમાભાઈ ચૌધરી સામેના ઉમેદવારોએ પોતાના ઉમેદવારીપત્રો પરત ખેંચતા બંને ઉમેદવારો બિનહરીફ થવા પામેલ છે. ઉલ્લેખનીય છે કે શરૂઆતના તબક્કે બહુ ગાજેલી બનાસડેરીની ચૂંટણીમાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી ના પ્રયાસોથી એક પછી એક ૧૧ જેટલી બેઠકો બિનહરીફ થતાં ચૂંટણીમાં આવેલો ગરમાવો શાંત થઈ ગયો છે.



## પાલનપુરમાં ગાંધીજયંતિ પર્વે ગાંધીજીના પુસ્તકોનું પ્રદર્શન

રાષ્ટ્રપિતા પુ. મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ પર્વે પાલનપુરમાં આવેલ મોટા રામજી મંદિરમાં આવેલ શ્રી કપિલદેવાચાર્ય આસ્થા નરસિંહજી પુસ્તકાલયમાં પુ.મહાત્મા ગાંધીજીની પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં ગાંધી વિચાર ધરાવનારા વાંચકો મોટી સંખ્યામાં હાજર રહી પ્રદર્શન નિહાળી ગાંધીજીના વિચારોને જીવનમાં ઉતારવા સંકલ્પો કર્યા હતા. આ પ્રસંગે મંદિરના મહંત પ.પુ.રાઘવદાસ, એડવોકેટ દિપકભાઈ ઈશ્વરલાલ શાહ, અનિલભાઈ જે. ચક્રવતી અને ભરત ઠાકોર વ્યવસ્થાપકો હાજર રહી સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરી વર્તમાન સમયમાં ગાંધી વિચારને અનુસરવા અપીલ કરી હતી.

# પાલનપુરમાં યુવકે ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

## દુકાન માલિકે ઠપકો આપતાં પગલું ભર્યું હોવાનો પરિવારજનોનો આક્ષેપ

પાલનપુર

પાલનપુરના ઓડવાસમાં એક યુવકે કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી હતી.આ ઘટનાને પગલે લોકોના ટોળે-ટોળા એકત્ર થઈ ગયા હતા. અને પોલીસને જાણ કરવામાં આવી હતી. મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો.

પાલનપુરના ઓડવાસમાં રહેતા અને બુટચપ્પલની દુકાનમાં કામ કરતા વિક્રમ પ્રકાશભાઈ ઓડ (ઉ.વ.૨૦)એ બુધવારે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણો સર મકાનના છતની એંગલ સાથે ઓઢણું બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ હતી.આ ઘટનાની જાણ આજુ-બાજુના લોકોને થતા ઘટના સ્થળે લોકોના ટોળે-ટોળા એકત્ર થઈ ગયા હતા.અને પોલીસને જાણ કરવામાં આવી હતી.જેના પગલે પૂર્વ પોલીસ ઘટના સ્થળે દોડી આવી મૃતદેહને નીચે ઉતારી પીએમ અર્થે પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે પરીવારના સભ્યએ આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે, યુવક બુટ ચપ્પલની દુકાનમાં નોકરી કરતો હતો. યુવકને તેના દુકાન માલિકે ઠપકો આપતા આ પગલું ભર્યું છે. પરીવારના કમાઉ દિકરાએ આત્મહત્યા કરી લેતા પરીવાર ઉપર આભ ફાટ્યુ છે.

## સાઠંબા ગામે બાઈકે ટક્કર મારતા વૃદ્ધનું મોત નીપજ્યું

બાયડ તાલુકાના સાઠંબા ગામે બાઈકે ટક્કર મારતા ૭૦ વર્ષના વૃદ્ધનું મોત નીપજ્યું હતું. સાઠંબા પોલીસ સ્ટેશન થી મળેલ માહિતી મુજબ ગોપાલભાઈ સોનાજી મારવાડી ૪-૧૦-૨૦૨૦ ને સાંજના સુમારે રોડ ઉપર ચાલતા જતા હતા. એ વખતે ફૂલ સ્પીડમાં આવતી મોટરસાયકલ નંબર જીજે૭ ક્યૂ૫૭૨૭ સે ટક્કર મારતા ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બાઈકચાલક ટક્કર મારી બાઈક મૂકી ફરાર થઈ ગયો હતો પોલીસે ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.




યુપીમા બનેલ હાથરસમાં જે દયનીય બળાત્કારની ધટના બનેલી હોય તે ધટનાને અનુલશ્રીને લઈન ભીમ સેના ખેડબ્રહ્મા ધ્ધારા મામલતદારશ્રી તથા કલેકટરશ્રીને આવેદનપત્ર તા.૫/૧૦/૨૦૨૦ અને સોમવારે આપવામા આવેલ ૬ અને ગુનેગારોને કળકમા કળક સજા થાય એવી માગની અને રજુવાત કરવામા આવેલછે. અને વાલ્મિકિ સમાજની દિકરીને યોગ્ય ન્યાય મળિ રહે એવી રજુવાત સાથે આવેદનપ્રત્ર આપવવામા આવેલ છે.

# સાઠંબા પોલીસે ચેકિંગ દરમિયાન ૨૮ હજાર ઉપરાંતનો દારૂ ઝડપી પાડ્યા

## સાઠંબાના કેટલાય વિસ્તારોમાં હજુ પણ અડ્ડાઓ ધમધમી રહ્યા છે

બાયડ તાલુકાના સાઠંબા ગામે અનેક વિસ્તારોમાં દારૂના



અડ્ડાઓ ધમધમી રહ્યા છે છતાં પોલીસ હાથ ઉપર હાથ ધરી બુટલેગરોને નજર અંદાજ કરી રહી હોય તેવું દેખાઈ આવે છે. સાઠંબા પી.એસ.આઈ તથા પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળેલ કે, એક કાળા કલરની બજાજ પલ્સર બાઈક સવાર વિરપુર બાજુથી આસપુર – વજાવત જેઠોલી બાજુ જવાનો છે. જેથી સાઠંબા પોલીસે વજાવત ગામની સીમમાં આસપુર તરફથી આવતાં વાહનોનું ચેકિંગ હાથ ધર્યું હતું. તે દરમિયાન બાતમીવાળો બાઈક સવાર પોલીસની નાકાબંધી જોઈ બાઈક મુકી નાસી ગયો હતો.

પોલીસે નંબર વગરની પલ્સર બાઈક પર મુકેલો કોથળો ખોલી જોતાં અંદરથી ભારતીય બનાવટની ઓફિસર ચોઈસ કાચની બોટલો નંગ. ૧૪૪ અને બિયરના પતરાના ટીન નંગ. ૭૨.મળી વિદેશી દારૂ તથા બિયરનાં ટીન કુલ નંગ. ૨૧૬.જેની કિંમત રૂપિયા ૨૮,૮૦૦ તથા બજાજ પલ્સર બાઈક કિંમત રૂપિયા ૨૦,૦૦૦ કુલ રૂપિયા ૪૮,૮૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# થરા-રાધનપુર નેશનલ હાઈવે પર ટ્રક અને ગાડી વચ્ચે અકસ્માત એકનું મોત

કાંકરેજ તાલુકામાં નેશનલ હાઈવે પર અકસ્માતની ઘટના વારંવાર બનતી રહે છે ત્યારે થરા-



રાધનપુર નેશનલ હાઈવે પર ટ્રક અને ગાડી વચ્ચે ભારે અકસ્માત સર્જાયો છે ત્યારે મળતી માહિતી અનુસાર ગાડી ચાલક રાજેસ્થાન નો રેહવાસી હોવાનું સામે આવ્યું છે ત્યારે થરા-રાધનપુર નેશનલ હાઈવે પર ગાડી પસાર થઈ રહી હતી ત્યારે થરા નજીક રીલાયન્સ પેટ્રોલપંપ પાસે ટ્રક ની નીચે ગાડી ઘુસી જતા ભારે અકસ્માત સર્જાતા ગાડી ચાલકને માથા ના ભાગે ભારે ઈજા થતાં ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયું હતું.

ત્યારે આ ઘટનાની જાણ થરા પોલિસને થતાં તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી આગળ ની કાર્યવાહી હાથ ધરી ૧૦૮ મારફતે મૃતક ની લાશને થરા રેફરલ હોસ્પિટલમાં પી.એમ અર્થે ખસેડવામાં આવી હતી ત્યારે થરા-રાધનપુર નેશનલ હાઈવે પર મસ્ત મોટા ખાડા પડી ગયા છે ત્યારે આ મોટા ખાડા ના કારણસર અનેક નાના-મોટા અકસ્માત સર્જાય છે ત્યારે આ નેશનલ હાઈવે પર અનેક ગામો તરફ જવા મુસાફરો અને સાધનો અવર જવર કરતા હોય છે ત્યારે કોઈ મોટો અકસ્માત સર્જાસે તો જવાબદાર કોણ રહેશે..? ત્યારે નેશનલ હાઈવે ઓથોરીટી વિભાગના અધિકારીઓએ ઘોર નિંદ્રા માંથી જાગી આ હાઈવેની મુલાકાત લઈ થરા-રાધનપુર નેશનલ હાઈવેનું રીપેરીંગ કામ જલદથી જલદ ચાલુ કરવું જોઈએ તેવી લોકોની માંગ ઊઠવા પામી છે.

## પાલનપુર વિભાગ એસ.ટી. મહિલા મઝદુર સંઘ દ્વારા પ્રથમવાર કારોબારી શુભેચ્છા બેઠક યોજાઇ

ભારતીય મઝદુર સંઘ, ભારતીય પરિવહન મઝદુર સંઘ તેમજ ગુજરાત એસ.ટી. મઝદુર મહાસઘ સંલગ્ન પાલનપુર વિભાગ એસ.ટી. મહિલા મઝદુર




સંઘની પાલનપુરમાં સૌપ્રથમ વખત કારોબારી શુભેચ્છા બેઠક યોજવામાં આવી હતી.જેમાં એસ.ટી વિભાગ માં ફરજ બજાવતી બહેનો ના વિવિધ પ્રશ્નનો મુદ્દે હવે બહેનો આગળ આવીને કામ કરશે.

આ અંગે પાલનપુર વિભાગ ના મહિલા સંગઠન મંત્રી જસ્મીનાબેન નાયકે જણાવ્યું હતું કે એસ.ટી.વિભાગમાં ફરજ બજાવતી બહેનો પરસ્પર એકબીજાના પરિચય માં આવે અને તેમના વહિવટી પ્રશ્નનો માટે હવે બહેનો કામ કરશે અને તેમને પડતી મુસ્કેલીઓનો ઉકેલ લાવવા સ્થાનિક લેવલે અને જરૂર પડે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી ઉકેલ લાવવા ના પ્રયત્નો કરવામાં આવશે.

આ પ્રસગે પ્રદેશ પ્રમુખ ઘનશ્યામભાઈ બ્રહ્મક્ષત્રિય, કાર્યકારી પ્રમુખ બાબુભાઈ ગોહિલ, પાલનપુર વિભાગના પ્રમુખ દિપકભાઈ નાયક, ઉપપ્રમુખ મહેશભાઈએ ઉપસ્થિત રહી મહિલાઓની જાગૃતિ બદલ તેવોને સુભેછાઓ પાઠવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા મહિલા પાંખના પ્રદેશ મંત્રી ભગવતીબેન પટેલ, પારૂલબેન ભોજક, ઝોનલ ઈન્ચાર્જ ખાતુલબેન રાડા, પાલનપુર વિભાગના મહિલા મંત્રી જસ્મીનાબેન નાયક સહિતની બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# પાલનપુર સિપુ યોજનાના લાંચિયા કાર્યપાલક ઈજનેરની જામીન અરજી કોર્ટે ફગાવી

પાલનપુર

પાલનપુર ખાતે સિપુ યોજનાના કાર્યપાલક ઈજનેર અગાઉ કોન્ટ્રાકટરના બીલમાં નાણાં લેવાના મુદ્દે રૂપિયા ૧૫૦૦૦ની લાંચ લેતાં ઝડપાયો હતો. જેની મિલ્કતની તપાસ કરવામાં આવતાં ૫૩.૧૯ લાખની અપ્રમાણસર મિલ્કત મળી હતી. દરમિયાન આ કેસમાં તેણે રજૂ કરેલી આગોતરા જામીનની અરજી બુધવારે કોર્ટે ફગાવી દીધી હતી.

બનાસકાંઠામાં ચકચારી બનેલી એસીબી ટ્રેપની વિગતો એવી છે કે, એક કોન્ટ્રાકટરને સીંચાઈ પૂરવઠા પ્રોજેકટમાં કોન્ટ્રાકટર તરીકે કરેલ કામ પેટે રૂપિયા ૩,૬૦,૦૦૦ લેવાના નીકળતા હતા. જોકે, સીંચાઈ પૂરવઠા યોજના કાર્યપાલક ઈજનેર વી. ટી. ચૌહાણ (વસંતકુમાર તળશીભાઈ ચૌહાણ) (વર્ગ - ૨) (હાલ રહે. ભાવનગર) આ પેમેન્ટના બે ટકા લેખે માંગણી કરી છેલ્લે રૂપિયા ૧૫,૦૦૦ની લાંચની માંગણી કરી હતી.જે લાંચ ની રકમ ફરીયાદી આપવા માંગતા ના હોઈ એસીબી નો સંપર્ક કરતાં છટકું ગોઠવતાં ફરીયાદી પાસેથી લાંચની માંગણી કરી રૂપિયા ૧૫૦૦૦ સ્વીકારી પકડાઈ ગયો હતો. આ અંગે મદદનીશ નિયામક, બોર્ડર એકમ, ભુજ સુપરવિઝન અધિકારી કે.એચ. ગોહીલના માર્ગદર્શન હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં મિલ્કતની તપાસ કરવામાં આવતાં ૫૩,૧૯,૩૯૦ ની આવક કરતાં ૫૭.૯૯ ટકા વધુ અપ્રમાણસર મિલ્કત મળી હતી. દરમિયાન ફરજ મોકૂફ કરેલા નાયબ ઈજનેરે આ કેસમાં પાલનપુર સેસન્સ કોર્ટમાં આગોતરા જામીનની અરજી કરી હતી. જે બુધવારે કોર્ટે ફગાવી દીધી હતી.

# ભિલોડાના ઘાંટી ગામમાં બાઈકમાં શોર્ટ સર્કિટથી આગ ભભુકી

ભિલોડા,તા.૫
સાબરકાંઠા-અરવલ્લી



જીલ્લા સહિત ભિલોડા તાલુકાના વિવિધ ધોરીમાર્ગો પર દિન-પ્રતિ-દિન કાર અને બાઈક સળગી ઉઠવાના બનાવો વધી રહ્યા છે. કારમાં આગ લાગવાની ઘટના દરમ્યાન અનેક લોકોમાં જીવતા ભુંજાઈ ગયા છે.રામ રાખે તેને કોણ ચાખે તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

ભિલોડા-ઈડર ધોરીમાર્ગ પર ઘાંટી ગામમાં બાઈકમાં શોર્ટ સર્કિટ દરમ્યાન એકાએક આગ ભભુકી ઉઠતા ઝુમસર છાપરા ગામના બાઈક ચાલકનો આબાદ બચાવ થયો હતો. ઘટના સ્થળે લોકોના ટોળે-ટોળા એકત્રીત થઈ ગયા હતા.

ઝુમસર છાપરા ગામનો યુવાન બાઈક ચાલક ભિલોડા તરફ ખરીદી અર્થે આવી રહ્યો હોઈ તે દરમ્યાન ઘાંટી ગામમાં પાનની દુકાન પાસે ઉભો રહ્યો હતો તે અરસામાં બાઈકમાં શોર્ટ સર્કિટ થયેલ હોઈ ત્યારે બાઈકમાં આગ ભભુકી ઉઠતા બાઈક આગની જ્વાળાઓમાં ભડથું થઈ ગયું હતું. ઝુમસર ગામના બાઈક ચાલકનો આબાદ બચાવ થયો હતો.




## યુનિટી જન સેવા ટ્રસ્ટ દ્વારા સંચાલિત અલફેશાની હોસ્પિટલના ડિસ્પેન્સરી વિભાગનું ઉદ્‌ઘાટન

યુનિટી જન સેવા ટ્રસ્ટ મોડાસા સંચાલિત અલફેશાની હોસ્પિટલના ડિસ્પેન્સરી વિભાગ જે હજીયાની મારિયમબેન બાબુભાઈ ટાઢાની દાન સહાયથી નિર્માણ પામી છે. અલફેશાની હોસ્પિટલના ડિસ્પેન્સરી વિભાગની કુરઆન ખવાની દ્વારા ઉદ્‌ઘાટન થયુ હતુ. મોડાસા નગરની સેવાભાવી સંસ્થા યુનિટી જન સેવા ટ્રસ્ટના પ્રમુખ ગુલામ મોહમમદ ભૂરા, ઉપપ્રમુખ સલીમભાઈ સાબલિયા, સેક્રેટરી રઈશ મોડાસીયા તથા કારોબારી સભ્યો અને હોસ્પિટલના ચેરમેન ઉસ્માનગની મનવા, સેક્રેટરી સલીમભાઈ પટેલ (એસેન્ટ) છે જેવો હોસ્પિટલની સેવાકીય કામગીરી કરી રહ્યા છે. જ્યારે હોસ્પિટલના સલાહકાર ડૉક્ટર વસીમભાઈ સુથાર, ડૉક્ટર ઈમરાન ઈપ્રોલીયા અને ડોક્ટર જુનેદ દધાલિયાવાલા છે. આ હોસ્પિટલના મુખ્ય દાનવીર બાબુભાઈ ટાઢા છે.



આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ ખેડબ્રહ્મા વિજયનગર પોશીના દ્વારા માનનીય શ્રી પ્રાંત સાહેબ ને આવેદનપત્ર આપવામાં આવ્યું હિન્દુઓ પર લઘુમતી મુસ્લિમ દ્વારા થતા અત્યાચારો ના વિરોધમાં તેમજ મુસ્લિમ બહૂલ વિસ્તારમાંથી મુસ્લિમ દ્વારા ધમકીઓ અને ભયને કારણે સ્થળાંતર ના વિરોધમાં તેમજ સમાન સિવિલ કોડ... જન નિયંત્રણ ધારો આ..ˋજષ્ઠ પરીક્ષાઓમાંથી ઉર્દુ ભાષા ને તાત્કાલિક અસરથી પ્રતિબંધ લગાવી નાબૂદ કરવી..? તેમજ સંવિધાન ની અંદર અલ્પસંખ્યક અને સેક્યુલર પર સંસદમાં ચર્ચા કરી સંશોધન કરી અલ્પસંખ્યક આયોગ તેમજ લઘુમતી બોર્ડ અને તાતકાલી નાબૂદ કરવા.... ઉપરાંત સંવિધાન ની અંદર કલમ ૩૦એ થી કલમ ૩૫ સુધી હિન્દુ વિરોધી છે જેમાં હિંદુ મંદિરો ઉપર થતી આવક સરકાર ધરાવે છે તે તાત્કાલિક અસરથી નાબૂદ કરવી અને હિન્દુ મંદિરો ના પૈસામાંથી મજારો દરગાહો મસ્જિદો પર થતા ખર્ચા બંધ કરવા મૌલાના મૌલવીઓ ઉલેમા ઓને અપાતા પગાર ભથ્થા સત્વરે બંધ કરવા આવા અનેક અત્યાચારી મુદ્દાઓને લઈને આવેદન પત્ર આપવામાં આવેલ છે